
# મંગળ યાન પૃથ્વીની અંતિમ કક્ષામાં પહોંચી ગયું

**મંગળ ગ્રહ ઉપર પહોંચતા યાનને ૨૮૦ દિવસ લાગશે  સૂર્યથી ૬૮ કરોડ માઈલ દૂરથી પસાર થશે મંગળ યાન**




બેંગ્લોર,તા. ૨૮

દેશનું પ્રથમ મંગળ યાન પૃથ્વીની અંતિમ ભ્રમણ કક્ષા સુધી પહોંચી ચૂક્યું છે અને રવિવાર સુધી પૃથ્વીની ભ્રમણ કક્ષા છોડી સૂર્યની ભ્રમણ કક્ષામાં પ્રવેશ કરશે. મંગળ ગ્રહ પર પહોંચવામાં આ યાનને નવ મહિના એટલે કે ૨૮૦ દિવસનો સમય લાગશે. ભારતીય અંતરિક્ષ સંશોધન સંગઠન (ઇસરો)ના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ મંગળ યાન બુધવારે પૃથ્વીની ભ્રમણ કક્ષાની સૌથી નજીકથી પસાર થયું હતું. આ યાને આજે સવારે ૭.૧૦ કલાકે પૃથ્વીની ચારે તરફ પરિક્રમા કરવાની શરૂઆત કરી દીધી છે. મંગળ યાન આગામી ચાર દિવસ સુધીમાં પૃથ્વીના ચકર લગાવશે અને રવિવારે મધ્ય રાત્રીએ લગભગ ૧૨.૪૯ કલાકે પૃથ્વીની ભ્રમણ કક્ષા છોડી મંગળ તરફ જવા રવાના થશે.

ઇસરોના મુખ્ય વૈજ્ઞાનિક વી કોટેશ્વર રાવે જણાવ્યું મંગળ યાન મંગળ તરફ પ્રયાણ કરવા માટે ૬૪૮ કિલોમીટર પ્રતિ સેકન્ડની અસાધારણ ઝડપ મેળવી લેશે. આ માટે ૪૪૦ મીટર તરલ એન્જીનને ૨૩ મીનિટ સુધી સળગાવવામાં આવશે. જેમાં ૧૯૦ કિલોગ્રામ ઇંધનની જરૂર પડશે. બેંગ્લોર સ્થિત ઇસરોના અવકાશીય નિરીક્ષણ અને નિયંત્રણ કેન્દ્રથી મંગળ યાનનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. જો બધુ ધારણા મુજબ થશે તો આ મંગળ યાન મંગળ તરફ પ્રયાણ કરતા પહેલાં સૂર્યની ભ્રમણ કક્ષાથી ૬૮ કરોડ માઈલ દૂરથી પસાર થશે. દેશનું આ પહેલું મંગળ યાન બંગાળની ખાડીમાં સ્થિત આંતરિક્ષ કેન્દ્ર શ્રીહરિ ક્વોટાથી ૫ નવેમ્બરના રોજ ૩૫૦ ટન વજન ધરાવતા રોકેટની મદદથી છોડવામાં આવ્યું હતું.

દેશના આ પહેલાં મંગળ યાન પર કુલ ૪૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે જે વિશ્વનું સૌથી સસ્તું મંગળ અભિયાન છે.ઉલ્લેખનીય છે કે ભારત ઉપરાંત અમેરિકા, રશિયા અને ચીન પણ મંગળ અભિયાન હાથ ધરી ચૂક્યા છે.




## તહેલકાની મેનેજિંગ ડિરેક્ટર શોમાએ રાજીનામું આપી દીધું

નવી દિલ્હી,તા. ૨૮


મહિલા પત્રકારના યૌનશોષણના મામલે ફસાયેલા તહેલકાના પૂર્વ સંપાદક તરુણ તેજપાલને સાવરવાના આરોપ બદલ મેગેઝિનની મેનેજિંગ એડીટર શોમા ચૌધરીએ રાજીનામું આપી દીધું છે. ગુરુવારે મોકલેલ ઈમેઈલમાં શોમા ચૌધરીએ રાજીનામું આપતા જણાવ્યું હતું કે તે નથી ઈચ્છતી કે કોઈપણ વ્યક્તિ તેની ઈમાનદારી પર સવાલ ઉઠાવે. શોમા ચૌધરીએ રાજીનામું મહિલા પત્રકારની યૌનશોષણના ફરિયાદના ૧૦ દિવસ બાદ આવ્યું હતું. આ સાથે જ યૌનશોષણ મામલે અત્યાર સુધી કોઈ છેલ્લા પાંચ દિવસમાં પીડિત મહિલા પત્રકાર લોકો તહેલકામાંથી રાજીનામું આપી ચૂક્યા છે. આજે સવારે છ વાગે મોકલેલ ઈમેઈલમાં શોમા ચૌધરીએ જણાવ્યું હતું કે તહેલકા સાથે જોડાયેલી વ્યક્તિઓ માટે આ સમય ખૂબ જ ખરાબ છે. પીડિત મહિલાની ફરિયાદ પર કાર્યવાહી કરતા મે શક્ય તમામ પગલાં ઉઠાવ્યા હતા. મેં તાત્કાલિક કાર્યવાહી કરી હતી. અને એક મહિલા તેમજ પોતાની સહકર્મીને ન્યાય મળે તે માટે તમામ પ્રયત્નો કર્યા હતા. બીજી બાજુ તરુણ તેજપાલને સાવરવાના આક્ષેપોને નકારતા શોમા ચૌધરીએ ઈમેઈલમાં લખ્યું છે કે આ સમયે તત્કાલીન જે કાર્યવાહી થઈ શકતી હતી તે કરી હતી. ત્યારબાદ સમગ્ર પ્રકરણની તપાસ માટે એક કમીટી પણ બનાવાઈ હતી. ઘટનાની ફરિયાદ બાદ ઉઠાવવામાં આવેલ પગલાંઓ ઉઠાવવા અમને બે દિવસ જ મળ્યા હતા. ત્યારબાદ અર્ધસત્ય સબૂતોને આધારે આ મામલો વિવાદ સર્જી રહ્યો છે. પોતાની મહિલાવાદી ઈમેજથી વિરુદ્ધ કામ કરવાના આરોપો અંગે શોમા ચૌધરીએ જણાવ્યું હતું કે હું માનું છું કે આ મામલે અન્ય કેટલાક પગલાં ઉઠાવાઈ શક્યા હોત. જો કે મારું એમ માનવું ભૂલ ભરેલું છે કે મેં કોઈ પગલાં નહોતા ઉઠાવાયા. શોમા ચૌધરીએ મેઈલના અર્થમાં લખ્યું છે કે અર્ધવચ્ચે પડકારોને છોડી દેવા એ મારી આદત નથી. હું ઈચ્છુ છું કે આવી મુશ્કેલીઓના સમયમાં હું તેહલકા સાથે જોડાઈ રહું પરંતુ મારી હાજરી તહેલકાને નુકસાન પહોંચાડી રહી છે જેથી અનિચ્છાએ પણ મારે રાજીનામું આપવું પડી રહ્યું છે.

## હિમ્મત હોય તો મોદી મારી સામે ચૂંટણી લડીને બતાવે : ટાઈટલર

નવી દિલ્હી,તા. ૨૮

કોંગ્રેસના વરિષ્ઠ નેતા જગદીશ ટાઈટલરે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સામે હલ્લા બોલ કર્યો છે. ટાઈટલરે નરેન્દ્ર મોદીની પોતાની સામે ચૂંટણી લડવા પડકાર ફેંક્યો હતો જો કે પોતાની દલીલ દરમિયાન જગદીશ ટાઈટલરે સંયમની હદ વટાવી ચુકયા હતા. દિલ્હી વિધાનસભાની ચૂંટણી પ્રચારની એક સભાને સંબોધતા કોંગ્રેસના વરિષ્ઠનેતાએ આ દાવો કર્યો હતો. જેમાં તેમણે નરેન્દ્ર મોદીની પોતાની સામે ચૂંટણી લડવા માટે પડકાર ફેંક્યો હતો. ટાઈટલરે જણાવ્યુ હતુ કે નરેન્દ્ર મોદીમાં જો હિમ્મત હોય તો મારા મતક્ષેત્રમાં મારી સામે ચૂંટણી લડી બતાવે. જો ચૂંટણીમા મારી હાર થશે તો હું આત્મહત્યા કરી લઈશ. ઉલ્લેખનીય છે કે જગદીશ ટાઈટલર ૧૯૮૪માં ઈન્દિરા ગાંધીની હત્યા બાદ થયેલ શિખો વિરોધી કોમી રમખાણમાં મુખ્ય આરોપી છે. તેમના વિરુદ્ધ રમખાણો ભડકાવવાનો આરોપ છે. જગદીશ ટાઈટલરે ભાજના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને પડકાર ફેંક્યો છે જેમાં તેમણે નરેન્દ્ર મોદીને દિલ્હીમાં તેમના મતક્ષેત્રથી લોકસભાની ચૂંટણી લડવા જણાવ્યુ છે અને જો મોદીમાં હિમ્મત હોય તો તેઓ મારી સામે જીતી બતાવે તેવો ખુલ્લો પડકાર ફેંક્યો છે. ચૂંટણીના ભાષણ દરમિયાન જોશમાં આવી જઈ ટાઈટલરે એટલા સુધી કહી નાંખ્યુ કે જો નરેન્દ્ર મોદી સામે મારી હાર થશે તો હું ગળે ટુંપો ખાઈ આત્મહત્યા કરી લઈશે. ટાઈટલર પર જોશ એટલા સુધી છવાઈ ગયો હતો કે તેઓ શબ્દોની પસંદગી કરવાનું પણ ભૂલી ગયા હતા. તેમણે કહ્યુ હતુ કે જો નરેન્દ્ર મોદી પોતાની માનું દૂધ પીધુ હોય તો યમુના પાર પૂર્વ દિલ્હી લોકસભા મત વિસ્તારથી ચૂંટણી લડીને બતાવે. ઉલ્લેખનીય છે કે ગત ડિસેમ્બરમાં યોજાયેલ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પણ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ નરેન્દ્ર મોદીને પોતાના મત વિસ્તાર પોરબંદરથી ચૂંટણી લડવા અને દમ હોય તો જીતી બતાવવા પડકાર ફેંક્યો હતો. જો કે ચૂંટણી દરમિયાન પોરબંદર વિધાનસભા મતવિસ્તારમાં અર્જુન મોઢવાડિયાની ભાજપના ઉમેદવરા બાબુ બોખેરિયા સામે હાર થઈ હતી.





**૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી યથાવત્**

## આંધ્ર તરફ આગળ વધી રહેલ 'લહર' વાવાઝોડું નબળું પડ્યું

હૈદરાબાદ,તા. ૨૮

બંગાળની ખાડીમાં ઊભું થયેલ ચક્રવાર્તી વાવાઝોડું લહર ધીરે ધીરે નબળું પડી રહ્યું છે. જો કે હજુ પણ આ વાવાઝોડાના કારણે નુકસાનની શક્યતાઓને નકારી શકાય તેમ નથી. હવામાન ખાતાના જણાવ્યા મુજબ અત્યારે લહર વાવાઝોડું આંધ્રપ્રદેશના કિનારા તરફ આગળ વધી રહ્યું છે અને બપોર સુધી તેના મસ્લીપતંગ સુધી પહોંચવાની શક્યતા છે. હવામાન ખાતાના આઈએમડીએ જણાવ્યું હતું કે અત્યંત શક્તિશાળી આ વાવાઝોડાનું કેન્દ્ર મસ્લીપતંગથી દક્ષિણ પૂર્વમાં લગભગ ૬૫૦ કિલોમીટર અને હૈદરાબાદના કાડીનાડાથી પૂર્વ દક્ષિણમાં ૬૦૦ કિલોમીટર સ્થિત છે. આઈએમડીએ જણાવ્યું હતું કે વાવાઝોડાના કારણે આંધ્રપ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. વાવાઝોડું છેલ્લા છ કલાકથી ૧૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ ઉત્તર તરફ આગળ વધી રહ્યું છે. આ વાવાઝોડાના કારણે આગામી ૨૪ કલાક દરમિયાન આંધ્રપ્રદેશના સમુદ્રર કિનારાના વિસ્તારો, પાંડીચેરીના યનામ જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંત તેલંગણાના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે. આંધ્રપ્રદેશના સમુદ્ર કિનારાના વિસ્તારોમાં આગામી ૧૨ કલાક સુધી આ વાવાઝોડું ત્રાટકી શકે છે. તેની ઝડપ ૫૦થી ૭૦ કિલોમીટર પ્રતિકલાક હોઈ શકે છે. આ વાવાઝોડાના પગલે હવામાન ખાતાએ માછીમારોને સમુદ્રમાં ન જવા ચેતવણી આપી છે. હવામાન ખાતાના આઈએમડીએ જણાવ્યું હતું કે આ વાવાઝોડાના કારણે સમુદ્રમાં ત્રણ મીટર ઊંચા મોજા ઉછળી રહ્યા છે જે પશ્ચિમ અને પૂર્વ ગોદાવરી, આંધ્રપ્રદેશ અને યનામ અને કૃષ્ણ જિલ્લાને નીચાણવાળા ભાગોને ડુબાડી દેશે. લહતનામનું આ વાવાઝોડું છેલ્લા એક મહિનામાં આંધ્રપ્રદેશમાં ત્રાટકનાર આ બીજું વાવાઝોડું હશે. આ પહેલાં મચ્છીપતંગ નજીક હેલન નામનું વાવાઝોડું ત્રાટક્યું હતું જેમાં છ લોકોના મોત થયા હતા અને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન થયું હતું.

**આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત ઘટતાં**

## દિલ્હીની ચૂંટણી પૂર્વે પેટ્રોલ-ડીઝલની કિંમતો ઘટાડાશે

નવી દિલ્હી,તા. ૨૮

સરકારી ઓઈલ કંપનીઓ દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા પેટ્રોલના ભાવ ઘટાડી શકે છે. જો કે કંપનીઓ તરફથી સત્તાવાર આ અંગે કોઈ નિવેદન કરવામાં આવ્યું નથી પરંતુ ઓઈલ ઈન્ડસ્ટ્રી તરફથી પ્રાપ્ત થતાં સંકેતો મુજબ ૪થી ડિસેમ્બરે યોજાનાર દિલ્હી વિધાનસભાના મતદાન પહેલા પેટ્રોલ ડીઝલના ભાવ ઘટી શકે છે. સરકારી કંપનીઓ દર ૧૫ દિવસે પોતાની કિંમતોની સમીક્ષા કરે છે. આ મહિને મધ્યમમાં કરવામાં આવેલ સમીક્ષામાં કંપનીઓએ પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કર્યો નહોતો. જો કે ઈમ્પોટેડ ગેસોલીનની કિંમતોમાં ફેરફાર કરાયો હતો જેમાં ઓઈલ કંપનીઓએ ફ્યુઅલના ભાવમાં એક રૂપિયાનો ઘટાડો કર્યો હતો. પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં છેલ્લે ૩૧ ઓક્ટોબરે ફેરફાર કરવામાં આવ્યો હતો જેમાં પેટ્રોલમાં ૧.૩૮ રૂપિયાનો ઘટાડો કરાયો હતો. ત્યારબાદ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ઘટ્યા છે. જો કે આ સમય દરમિયાન રૂપિયાના મૂલ્યમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. ત્યારે ઓઈલ ઈન્ડસ્ટ્રીના અધિકારીઓ દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ જો મહિનાના અંત સુધી આ ઘટાડો યથાવત્ રહે તો પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે.

આવું એટલા માટે માનવામાં આવી રહ્યું છે કે ગ્રાહકોને નવેમ્બર મધ્યમાં કરવામાં આવેલી સમીક્ષા દરમિયાન આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ઘટ્યા હોવા છતાં કોઈ રાહત આપવામાં આવી નહોતી. ઈરાન સાથે પશ્ચિમી દેશોના કરારના કારણે સરકારી અધિકારીઓને પણ લાગી રહ્યું છે કે પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટી શકે છે. ઓઈલ મંત્રાલયના અધિકારીઓ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ હવે રૂપિયાની સ્થિતિ ઉપર નજર રાખી રહ્યા છે. બીજી બાજુ આંતરરાષ્ટ્રીય બજારના ક્રૂડ ઓઈલના ભાવ ઘટ્યા હોવા છતાં ઓઈલ કંપનીના અધિકારીનો અલગ મત છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલાં ડીઝલ અને પેટ્રોલની કિંમતોમાં ઘટાડાને ચૂંટણી આચાર સહિતાના ભંગ તરીકે ગણાવી શકાય છે. જો કે ઓઈલ મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા મુજબ તેલ કંપનીઓ પોતાના ભાવમાં ગમે ત્યારે બદલાવ કરવા સ્વતંત્ર છે. તેમને ચૂંટણીની આચાર સહિતા લાગુ પડતી નથી.

## સેન્સેક્સમાં ૧૧૫ અને નિફ્ટી ૩૫ પોઈન્ટનો જંગી ઉછાળો

મુંબઈ,તા. ૨૮

આજે નવેમ્બર એફએન્ડઓનો છેલ્લો દિવસ હોવાથી ભારતીય શેરબજારમાં તેજીનો કારોબાર જોવા મળ્યો હતો. વેપારના છેલ્લા કલાકમાં બજારમાં નોંધપાત્ર તેજી જોવા મળી હતી. રિયલ એસ્ટેટ અને ગુડ્સ સેક્ટરની આગેવાનીમાં આજે સેન્સેક્સમાં ૧૧૫ પોઈન્ટનો ઉછાળો નોંધાવ્યો હતો. આ સાથે દિવસના અંતે સેન્સેક્સ ૨૦૫૩૫ની સપાટી પર બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૩૩ પોઈન્ટના ઉછાળા સાથે ૬૦૯૨ની સપાટી પર બંધ રહ્યો હતો. આજના કારોબારમાં સેન્સેક્સ ૨૦૬૦૬ની ઉપરની સપાટી સ્પર્શીને અને ૨૦૪૬૧ની નીચલી સપાટીને સ્પર્શ કર્યો હતો. જ્યારે નિફ્ટીએ ૬૦૯૨ની સપાટી પરથી ખુલી ૦.૫૭ ટકાની તેજી સાથે કારોબાર કર્યો હતો.

દિવસના કારોબાર દરમિયાન નિફ્ટી ઉંચામાં ૬૧૧૩ પોઈન્ટ અને નીચીમાં ૬૦૬૮ની સપાટીને સ્પર્શ કર્યો હતો. આજના કારોબાર દરમિયાન પાવર, મેટલ, ઓઈલ એન્ડ ગેસ, પીએસયુ અને ટેકનોલોજીના શેરોમાં ખરીદારી જોવા મળી હતી. જ્યારે મિડકેપ અને સ્મોલકેપ સ્ટોકમાં પણ ખરીદારી નોંધાઈ હતી. હેવી સ્ટોકમાં જયપ્રકાશ એસો. ભેલ, પાવરગ્રીડ, ગ્રોસીમ, હિન્ડાલ્કો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, કોલ ઈન્ડિયા, એલએન્ડટીના શેરોમાં ૧થી ૭ ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. જ્યારે કેયર્ન ઈન્ડિયા, સિપ્લા, એનએમડીસી, આઈસીઆઈસીઆઈ બેંક, તાતા મોટર્સ અને આઈટીસીના શેરોમાં બે ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. મિડકેપ શેરોમાં અલ્ટ્રા, કોરોમંડલ ઈન્ટરનેશનલ, ડીશ ટીવી, જેકે સિમેન્ટના શેરોમાં ૭થી ૧૨ ટકા સુધી તેજી જોવા મળી હતી. જ્યારે સ્મોલકેપ ટેકમાં જેકે ટાયર, એજ્યુ કોમ સેલ્યુલર અને પેનિનસુલાના શેરોમાં ૯થી ૨૦ ટકા સુધીની તેજી જોવા મળી હતી.

## તરૂણ તેજપાલે આગોતરા જામીન અરજી પાછી ખેંચી

નવી દિલ્હી,તા. ૨૮

પોતાની સહકર્મી મહિલા પત્રકાર સાથે યૌનશોષણ કરવાના આરોપનો સામનો કરી રહેલા તહેલકાના પૂર્વ એડિટર તરૂણ તેજપાલે પોતાની આગોતરા જામીન અરજી પરત ખેંચી લીધી છે. ઉલ્લેખનીય છે કે તેજપાલે પોતાની ધરપકડ રોકવા માટે દિલ્હી હાઈકોર્ટમાં ૨૫ નવેમ્બરે આગોતરા જામીન અરજી કરી હતી જો કે દિલ્હી હાઈકોર્ટે તેમની આગોતરા જામીન અરજીની સુનાવણી મોકુફ રાખી હતી ત્યારે પોતાની ધરપકડ ટાળવા મથી રહેલ તરૂણ તેજપાલે દિલ્હી હાઈકોર્ટમાંથી જામીન અરજી પરત ખેંચી લીધી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ હવે તરૂણ તેજપાલ મુંબઈ હાઈકોર્ટની ગોવા બેંચ અથવા સુપ્રીમ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી શકે છે. ઉલ્લેખનીય છે કે દિલ્હી હાઈકોર્ટમાં તેમની આગોતરા જામીન અરજી પર આવતીકાલે સુનાવણી હાથ ધરવાની હતી.



દરમિયાન તરૂણ તેજપાલે ગોવા પોલીસને એક પત્ર લખ્યો હતો જેમાં તેમણે પોતે આજે પોલીસ સમક્ષ હાજર થઈ શકે તેમ નથી. તેવું જણાવી પોલીસ સમક્ષ હાજર થવા શનિવાર સુધીનો સમય માંગ્યો છે જો કે પોલીસે હજુ સુધી તેમના પત્રનો કોઈ જવાબ આપ્યો નથી. ઉલ્લેખનીય છે કે ગોવા પોલીસે તરૂણ તેજપાલને હાજર થવા માટે આજે બપોરે ૩.૦૦ વાગ્યા સુધીનો સમય આપ્યો હતો અને તરૂણ તેજપાલની પુછપરછ માટે પોલીસે ૧૦૦ સવાલોની યાદી પણ તૈયાર કરી લીધી છે. માનવામાં આવી રહ્યુ છે કે તરૂણ તેજપાલ હાજર નહીં થાય તો તેમની વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરન્ટ પણ થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે તરૂણ તેજપાલ પર મહિલા પત્રકારે યૌનશોષણનો આક્ષેપ લગાવ્યો છે અને આ અંગે ગોવા પોલીસ સમક્ષ બળાત્કારના પ્રયાસની ફરિયાદ નોંધાવી છે. ત્યારથી ગોવા પોલીસ ગમે ત્યારે તરૂણ તેજપાલની ધરપકડ કરે તેવી શક્યતાઓ વ્યક્ત કરાઈ રહી છે.

## નકલી પાસપોર્ટ કેસમાં અબુ સાલેમને ૭ વર્ષની જેલ થઈ

હૈદરાબાદ,તા. ૨૮

અંડરવર્લ્ડ માફિયા અબુ સાલેમની વર્ષ ૨૦૦૧ના ફરજી પાસપોર્ટ કેસમાં હૈદરાબાદ સ્થિત સીબીઆઈ અદાલતે સાત વર્ષની કેદની સજા ફટકારી છે. હૈદરાબાદની સ્પેશિયલ સીબીઆઈ કોર્ટે અબુ સાલેમને નકલી પાસપોર્ટ કેસમાં દોષિત જાહેર કર્યો હતો. અબુ સાલેમ પર કરનુરના નામે નકલી નામે અને ખોટા સરનામે પાસપોર્ટ કઢાવવાનો આરોપ હતો. વિશેષ સીબીઆઈ અદાલતના જસ્ટિસ એમ વી રમણ નાયડુએ ૧૮ નવેમ્બરના રોજ નકલી પાસપોર્ટ કેસમાં સાલેમનો દોષિત જાહેર કર્યો હતો અને કોર્ટે સજાની જાહેરાત ૨૮ નવેમ્બર ઉપર મુલતવી રાખઈ હતી. આજે સીબીઆઈની વિશેષ અદાલતે અબુ સાલેમને ખોટા નામ પર અને આંધ્રપ્રદેશના કર્નૂલ



જિલ્લાના ખોટા સરનામે પાસપોર્ટ કઢાવવા મામલે ભારતીય દંડ સહિતાની અલગ અલગ કલમો મુજબ દોષિત જાહેર કર્યો હતો અને તેને ૭ વર્ષની જેલની સજા ફટકારી હતી. અદાલતે સલીમને આઈપીસીની કલમ ૧૨૦બી મુજબ અપરાધીક સાજિસ રચવી, કલમ ૪૧૯ અને કલમ ૪૬૮ મુજબ છેતરપિંડીના ઈરાદે જાળ બિછાવવી અને કલમ ૪૭૧ નકલી દસ્તાવેજોને અસલી તરીકે દર્શાવવા મુજબ દોષિત જાહેર કરીને આ સજા ફટકારી હતી.

આ કેસની સુનવણીમાં સીબીઆઈએ અદાલતને જણાવ્યું હતું કે અંડરવર્લ્ડ ડૉન અબુ સાલેમ પેસેવર અપરાધી છે અને તેનું નામ મુંબઈ શ્રેણીબદ્ધ બ્લાસ્ટના અપરાધીઓમાં પણ સામેલ છે. ૧૨ માર્ચ ૧૯૯૩ના દિવસે મુંબઈની ટ્રેનમાં થયેલ શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટમાં ૨૫૭ નિર્દોષ વ્યક્તિઓના મોત થયા હતા. ત્યારબાદ આ કેસમાં પોતાની ધરપકડ ન થાય એટલા માટે અબુ સાલેમે નકલી નામ અને રહેઠાણના પુરાવા આપી નકલી પાસપોર્ટ કઢાવ્યો હતો અને તેની મદદથી ભારતમાંથી ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ અનેક વખત પ્રયત્નો કરવા પછી ૧૧ નવેમ્બર ૨૦૦૫ના રોજ ભારતે પોર્ટુગલ સાથે પ્રત્યાર્પણ સંધી કરીને અબુ સાલેમને ભારત લાવવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે અબુ સાલેમ અને તેની પત્ની અને પૂર્વ પ્રેમીકા મોનિકા બેદી પર નકલી પાસપોર્ટનો આરોપ હતો. જો કે અદાલત આ કેસમાં મોનિકા બેદીને પહેલાં જ નિર્દોષ જાહેર કરી ચૂકી છે.

**વિદર્ભના ખેડૂતોની વહારે ક્રિકેટનો ભગવાન**

## સચિને ચેરિટીમાં ખેડૂતોને ટ્રેક્ટર-રોડરોલર મોકલ્યા

મુંબઈ,તા. ૨૮

ગત સપ્તાહે ક્રિકેટની દુનિયાની અલવિદા કહેનાર ભારતના માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર હવે ચેરિટેબલ ટ્રસ્ટના કામોમાં લાગી ગયો છે. આ સંદર્ભે સચિન તેંડુલકરે મહારાષ્ટ્રના વિદર્ભ ક્ષેત્રોમાં ખેડૂતોને મદદ કરવા માટે ટ્રેક્ટર અને રોડરોલર મોકલાવ્યા છે. ઉલ્લેખનીય છે કે જનપ્રતિ નિધીઓ પાસે અહીંના ખેડૂતોની અનેક માંગો હતી. પરંતુ જનપ્રતિનિધીઓએ ખેડૂતોની માંગો તરફ પોતાનું ધ્યાન આપ્યું ન હતું. ત્યારે હવે આ ખેડૂતોની વહારે ક્રિકેટના ભગવાન સચિન તેંડુલકર આવ્યો છે. આપલુકી નામની સંસ્થા દ્વારા રાજ્ય સભાના સાંસદ સચિન તેંડુલકરને ખેડૂતોની મદદ કરવા અપીલ કરાઈ હતી. આ સંસ્થા વિદર્ભના ખેડૂતોની સમસ્યા હલ કરવાની કામગીરી કરે છે. તેમના સંસ્થાપક અભિજિત ફાલ્કેએ જણાવ્યું હતું કે તેમને સંસ્થાવતી આ ક્ષેત્રમાં ખેડૂતો માટે ૧૩ જેટલા જનપ્રતિનિધીઓ પાસે મદદ માંગી હતી પરંતુ લોકસેવાનો દાવો કરતા આ જનપ્રતિનિધીઓમાંથી કોઈએ પણ ખેડૂતોની સમસ્યા તરફ ધ્યાન આપ્યું નહતું જેથી થાકી હારીને આ સંસ્થા દ્વારા અંતે રાજ્ય સભાના સાંસદ સચિન તેંડુલકરનો સંપર્ક કરવામાં આવ્યો હતો. સચિન તેંડુલકરે સંસ્થાની વાતને ધ્યાનથી સાંભળી હતી. એટલું જ નહીં પરંતુ તાત્કાલિક પ્રતિક્રિયા પણ આપી હતી અને મદદ માટે ટ્રેક્ટર અને રોડ રોલર પણ મોકલી આપ્યા છે.